જીઆઇડીસી/પોલિસી/હિસાબ/નાણા/ ૭૯
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ
ઉદ્યોગ ભવન, ગાંધીનગર
તા: ૨૦ /૦૬/૨૦૨૪

વિષય:- નિગમની ઔદ્યોગિક વસાહતોમાં આંતરમાળખાકિય સુવિધાઓના અપગ્રેડેશન માટે અલાયદા ફંડ ની રચના કરવા બાબત

વંચાણે લીધુ:

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંક: જી.આઇ.ડી-૧૦૨૦૨૦-૩૨૫૯૫૩-જી તા: ૦૧/૦૯/૨૦૨૦

(૨) નિગમની ૫૧૯મી સભાનો ઠરાવ ક્રમાંક: ૮૨/હિસાબ/૫૧૯ તા: ૨૧/૧૨/૨૦૨૩

# //પરિપત્ર//

રાજ્યમાં વિવિધ ઔદ્યોગિક ક્લસ્ટર્સમાં નવી માળખાકીય સુવિધાઓના નિર્માણ અને હાલની માળખાકીય સુવિધાઓમાં સુધારો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામા આવેલ "આસીસ્ટન્સ ટૂ ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર" યોજના હેઠળ મળવાપાત્ર પ્રોજેક્ટ દીઠ મહત્તમ રૂ. ૨૫/- કરોડની કુલ પ્રોજેક્ટ કોસ્ટની ૮૦% સુધીની રકમની સહાય અંગે મંજુરી અર્થે SLEC સમક્ષ નિગમ દ્વારા રજુ થયેલ વિવિધ પ્રોજેક્ટ અન્વયે રાજ્ય સરકાર દ્વારા આ યોજના હેઠળ રાજ્ય સરકાર ની સહાય પરનુ અવલંબન ઘટાડી, નિગમ તેના દ્વારા સ્થપાયેલ વસાહતોને સહાય પુરી પાડવા સક્ષમ હોઇ આ યોજના હેઠળના પ્રોજેક્ટ્સ રાજ્ય સરકાર, જી.આઇ.ડી.સી. તથા સંબંધિત વસાહત મંડળ ના સંયુક્ત ફાળાથી હાથ ધરવા નિર્ણય કરવામા આવેલ છે.

ઉપરોક્ત નિર્ણય મુજબ નિગમની વસાહતોમાં સ્થપાયેલા ઉદ્યોગોના સતત વિકાસ માટેની પ્રતિબદ્ધતાને અનુરૂપ AII યોજના હેઠળ નિગમની વસાહતોમા માળખાકિય સુવિધાઓના અપગ્રેડેશનના પ્રોજેક્ટ્સ માટે ભંડોળ ઉભુ કરવા અંગે નિર્ણય કરવા અંગેની દરખાસ્ત નિગમના નિયામક મંડળની ૫૧૯મી સમક્ષ રજુ કરવામા આવેલ. નિગમના નિયામક મંડળ દ્વારા રજુ થયેલ કાર્યસુચી અન્વયે ઠરાવ ક્રમાંક: ૮૨/હિસાબ/૫૧૯ થી રાજ્ય સરકારની "આસીસ્ટન્સ ટૂ ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર" (AII) યોજના હેઠળ મંજુર થયેલ પ્રોજેક્ટના માન્ય થયેલ પ્રોજેક્ટ કોસ્ટના ૪૦% રકમ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના ભંડોળમાથી ઉપલબ્ધ કરાવવા અલાયદા ભંડોળની રચના તથા તેના વપરાશ અંગેની નિતિ નક્કી કરવામા આવેલ છે. નિયામક મંડળના આ

નિર્ણયના અનુમોદન અર્થે રાજ્ય સરકારને રજુ થયેલ દરખાસ્ત સંબંધે સરકારશ્રી દ્વારા આ બાબતે બોર્ડ પોતાની સત્તા પરત્વે નિર્ણય લેવા સક્ષમ હોવાનુ જણાવેલ છે જે અન્વયે નિગમના નિયામક મંડળ દ્વારા ઠરાવ ક્રમાંક ૮૨/હિસાબ/૫૧૯ થી મળેલ મંજુરી અનુસાર "આસીસ્ટન્સ ટૂ ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર" (AII) યોજના હેઠળ નિગમની વસાહતોમા આંતરમાળખાકીય સુવિધાઓના અપગ્રેડેશન માટે નીચે મુજબની નિતિ પરિપત્રિત કરવામા આવે છે.

(અ) નિયમો અને શરતો:

(૧) આ નીતિ હેઠળ જી.આઇ.ડી.સી. દ્વારા સ્થાપવામા આવેલ ઔદ્યોગિક વસાહતોને જ ફંડીંગ નો લાભ આપવાનો રહેશે.

(૨) AII યોજના હેઠળ રચવામા આવેલ SLEC દ્વારા મંજૂર કરાયેલ પ્રોજેક્ટ્સ માટે જ આ યોજના હેઠળ લાભ મેળવવા માટે પાત્ર હશે.

(૩) ઔદ્યોગિક પોલીસી-૨૦૧૫ હેઠળની સમયમર્યાદા બાદ પુર્ણ થયેલ કામોના કિસ્સામા મળેલ અનુદાન સિવાય પ્રોજેક્ટ હેઠળ મંજુર ગ્રાન્ટની મર્યાદામા થયેલ ખર્ચની રકમ આ ફંડમાથી મેળવી શકાશે.

(૪) આ નિતિના અમલીકરણ સુધી જે ઔદ્યોગિક વસાહતો દ્વારા AII યોજના હેઠળ હજુ સુધી લાભ મેળવેલ ન હોય તે વસાહતોની દરખાસ્તોને પ્રાધાન્યતા આપવાની રહેશે.

(૫) રાજ્ય સરકારની "આસીસ્ટન્સ ટૂ ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર" હેઠળ નિર્ધારિત કરવામા આવેલ તમામ નિયમો અને શરતો આ નીતિ હેઠળ મંજુર થયેલ પ્રોજેક્ટ્સ ને જેમ છે તેમના ધોરણે લાગુ પડશે.

(બ) યોજના હેઠળનુ ભંડોળ:

(૧) નિગમ દ્વારા આ નિતિ અંતર્ગત ના.વ. ૨૦૨૪-૨૫ થી પ્રારંભિક રૂ. ૨૫૦ કરોડ નુ ભંડોળ ઉભુ કરવામા આવશે.

(૨) આ યોજના હેઠળ નિગમ દ્વારા પ્રોજેક્ટ દીઠ AII યોજના હેઠળ પૂરી પાડવામાં આવતી સરકારી સહાયની સમાન ફાળો એટલે કે કુલ માન્ય પ્રોજેક્ટ ખર્ચના 40% સુધી ની મર્યાદામા પૂરો પાડવામાં આવશે. આમ, AII યોજના હેઠળ થનાર ખર્ચ 40:40:20 (GOG: GIDC: Association) મુજબ ભોગવવાનો રહેશે.

(૩) આ યોજના હેઠળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના અસરકારક અમલીકરણના હેતુસર કોઈપણ નાણાકીય વર્ષની શરૂઆતમાં આ ભંડોળ ની રકમ નિર્ધારિત કરેલ રૂ. ૨૫૦ કરોડ જાળવવાની રહેશે.

(૪) આ ભંડોળની રકમ ઉપર મુજબ નિર્ધારેલ રકમ કરતા ઓછી હોવાના કિસ્સામા નિગમ દ્વારા દર વર્ષની શરૂઆતમાં બાકીની રકમ ફંડમા જમા કરાવવાની રહેશે.

(૫) આ યોજનાના નાણાકિય અનુદાન અંગેની અન્ય શરતો સરકારશ્રીની નિતિ અનુસાર યથાવત રહેશે.

ઉપરોક્ત પરિપત્રની ચુસ્ત અમલવારી થાય એ તમામ અધિકારી/કર્મચારીઓ દ્વારા સુનિશ્ચિત કરવાનુ રહેશે.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જી.આઇ.ડી.સી., ગાંધીનગર

પ્રતિ,
તમામ અધિકારીશ્રી/કર્મચારીઓ તરફ

રવાના કર્યુ,

મેનેજર(મહેકમ)